# ગાંધીનગરના આંગણે પધારેલ અપંગનો ઓજસ

## માત્ર ૨ મિનિટમાં નામવાળી અને અવનવી રાખડીઓ તૈયાર કરતો યુવાન

ગાંધીનગર, તા. ૧૩

કલા એ કોઈની જાગીર નથી પણ આત્મ સિદ્ધિ અને હૃદયની ભાવનાને ચરિતાર્થ કરતી વિશિષ્ટ સંવેદનશીલ કૃતિ છે. સામાન્ય માણસ કે જેને હાથ-પગ ને હૈયુ છે. તે જ્યાં પહોંચી શકતો નથી ત્યાં મુઠી ઉંચેરો



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

માનવી ઉપંગના ઓજસ તરીકે પથરાય છે. આવું જ કલાનું સૌદર્ય ગાંધીનગરના આંગણે પધારેલા પ્રવિણ વસરામભાઈ ચૌહાણ નજરે પડ્યા છે. જે ૩૨ વર્ષની યુવા અવસ્થામાં અપંગના ઓજસ તરીકે વેસ્ટમાંથી બેસ્ટ રાખડીઓ બનાવી અને બાટલીમાં ખાટલી રચિ પોતાની કલાને પ્રદર્શિત કરી રહ્યા છે. વડગામ તાલુકાના પ્રવિણભાઈ ચૌહાણ બચપણથી જ અપંગ છે. પરંતુ મહેનતને પોતાની સફળતા માની કામ કરતા તેમને ૧૨૮ થી વધુ હસ્કલા હાંસલ કરી છે અને આજકાલ પોતાનું પેટીયુ રળવા ગાંધીનગરમાં એસ.ટી. ડેપોના ગેટ આગળ (ખોડીયાર મંદિર ઈન્દ્રોડા રિક્ષા બોર્ડર) આવ્યા છે. જે માત્ર ૨ મીનીટમાં જ સુંદર અને કલાત્મક નામવાળી રાખડી તૈયાર કરી આપે છે. માત્ર ૧૦ રૂપિયાના શુલ્કમાં ઉનના દોરામાંથી વેસ્ટમાંથી બેસ્ટ રાખડીઓ બનાવે છે. તેમણે પોતાની રોજીરોટી માટે આ કલાત્મક વ્યવસાય પસંદ કર્યો છે. તેઓ બાટલીમાં ખાટલી, ચોખા ઉપર નામ અને ડાયરાના કલાકાર પણ છે. રક્ષાબંધન બાદ ગુજરાતના અનેક ખ્યાતનામ મંદિરોની રક્ષા પોટલી બનાવવાનું કામ તેઓ કરે છે. તેમજ તેમણે ઈકોનોમીક્સ વિષય સાથે એસ.વાય.બી.એ.નો અભ્યાસ કરેલો છે. છતાં છેલ્લા પાંચ વર્ષથી તેઓ રાખડીના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

# આર્મી કેન્ટોલમેન્ટમાં ગળે ફાંસો ખાઈ પરિણિતાનો આપઘાત

## પતિએ પોતાના પિતાને મકાન બનાવવા રૂપિયા ઝારખંડ મોકલવાનું કહેતા લાગી આવ્યું હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક આવેલા આર્મી કેન્ટોલમેન્ટ ખાતે સ્વીપર તરીકે નોકરી કરતાં યુવાને તેની પત્નિને ઘરે રૂપિયા મોકલવાનું કહેતા પત્નિએ આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી છે. બન્ને તાજેતરમાં જ લગ્નગ્રંથિથી જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે. પરિણિતાએ આજે બપોરના અરસામાં પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પેનલ ડોક્ટર દ્વારા પી.એમ. કરાવી તપાસ શરૂ કરી છે.

આર્મી કેન્ટોલમેન્ટમાં સ્વીપર તરીકે નોકરી કરતાં યુવાન રાજેન્દ્રકુમાર નેમધારી શાહુ મુળ ઝારખંડનો છે. તેના લગ્ન તાજેતરમાં ગીતાદેવી સાથે થયા હતા. આર્મી કેન્ટોલમેન્ટના અરૂણ વિહાર મમન નં. ૪૨૦/૫માં તે બન્ને દંપતિ રહેતા હતા. રાજેન્દ્રકુમારના પિતા ઝારખંડ રહે છે ત્યાં નવુ મકાન બનાવાઈ રહ્યું હોવાથી રૂપિયા મોકલવા હોવાનું રાજેન્દ્રકુમારે તેમની પત્નિ ગીતાદેવીને કહેતા તેણીને લાગી આવ્યું હતું. આજે બપોરના અરસામાં તેણીએ પોતાના ઘરે જ પંખએ દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતદેહ પેનલ ડૉક્ટરથી પોસ્ટમોર્ટમ કરાવી ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરૂ કરી છે.

# રાજીવ જ્યોત ૧૫ ઓગષ્ટે ગાંધીનગર આવશે : પટેલ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી કે.પી. સોલંકી એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતના ભૂતપુર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ દર વર્ષે ઉજવવાનું કોંગ્રેસ દ્વારા નિયત કરાયેલ છે.

'રાજીવ જ્યોત' યાત્રાનું આયોજન કર્ણાટકથી દિલ્હી સુધીનું કરવામાં આવેલ છે. આ યાત્રા દિલ્હી ખાતે તા. ૨૦-૮-૨૦૧૩ના રોજ પહોંચશે. રાજીવ જ્યોત યાત્રા ગાંધીનગર ખાતે તારીખ ૧૫-૮-૨૦૧૩ના રોજ આવશે અને રાત્રી રોકાણ બાદ તા. ૧૬-૮-૨૦૧૩ના રોજ સવારે ૯ કલાકે ગાંધીનગર શહેરની પરીક્રમા કરી દિલ્હી જવા માટે રવાના થશે. આ યાત્રાનું સ્વાગત શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણા, મહિલા કોંગ્રેસ પ્રમુખ પ્રેમબા હાડા, જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ તથા યુવા કોંગ્રેસ, કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો, કોંગ્રેસના કાર્યકરો તેમજ તમામ હોદેદારો સ્વાગત કરશે.

# મહુન્દ્રા ગામના કાકા-ભત્રીજાએ ૧.૬૦ કરોડનો ચુનો લગાવ્યો

## ગીરો પેટે જમીન આપીને વ્યાજે રૂપિયા લઈ લીધા બાદ ફરી ગયા અને ભત્રીજો ગાયબ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક મહુન્દ્રા ગામના કાકા-ભત્રીજાએ એક વ્યકિત પાસેથી રૂ. ૧.૬૦ કરોડ વ્યાજે લીધા હતા જેના ગીરો પેટે એક જમીન કાકાએ મુકી હતી. એક વર્ષ બાદ હવે કાકા ફરી ગયા છે અને રૂપિયા વ્યાજે લેનાર ભત્રીજો ગાયબ થઈ ગયો છે. આ સંદર્ભે ગાંધીનગર એલ.સી.બી. પોલીસ મથકે અરજી આવતા એલ.સી.બી.એ સમગ્ર મામલાની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના મહુન્દ્રા ગામમાં રહેતા એક યુવાને સલીમ મીર નામની વ્યકિત પાસેથી વર્ષ ૨૦૧૨ના ફેબ્રુઆરી માસમાં રૂ. ૧.૬૦ કરોડ વ્યાજે લીધા હતા. વ્યાજે લેનાર યુવાનના કાકાએ ગીરો પેટે તેમની જમીન મુકી હતી. રૂપિયા લઈ લીધા બાદ દોઢેક વર્ષ થઈ ગયા હોવા છતાં ચુકવવાનું નામ લેતા ન હતાં. સલીમ મીરે રૂપિયા વ્યાજે લેનાર મહુન્દ્રાના યુવાનને ખુબ શોધ્યો પણ તેનો કયાંયથી પત્તો મળતો નથી કે કોઈ સંપર્ક થતો નથી તેના કાકા પાસે ગયા તો તેમણે ફેરવી તોળ્યું હતું. કાકા-ભત્રીજો ફરી જતાં હવે વ્યાજે આપેલા રૂપિયા પાછા લેવા સલીમ મીરે ગાંધીનગર એલસીબીને અરજી આપી છે. જેને આધારે એલસીબીએ તપાસ શરુ કરી છે.

## આનંદી મા ના વડલે વાન પ્રસ્થાશ્રમના મકાનનો શુભારંભ

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલા આનંદી મા ના વડલે ૫૦ વડીલો રહી શકે તેવા એક વાન પ્રસ્થાશ્રમનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં વડીલોનો પ્રવેશ-શુભારંભ ૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ને બપોરે ૩ કલાકે યોજાશે.

વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાનપ્રસ્થાશ્રમ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો પ્રવેશ આવતીકાલે ૧૫મી ઓગષ્ટે સત્યનારાયણની કથા અને ગુરૂગીતા પાઠ બાદ બપોરે ૩ કલાકે કરવામાં આવશે.

# પાંચમાં માળેથી નીચે પટકાતા ૪ વર્ષના બાળકનું કરૂણ મોત

## પિતા મજુરી કામ કરતા હતા અને દિકરો રમી રહ્યો હતો : શુકન હાઈટ્સમાં બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-કોબા રોડ પર રાયસણ ગામની સીમમાં સ્થિત શુકન હાઈટ્સ બાંધકામ સાઈટમાં પાંચમાં માળે ૪ વર્ષનું બાળક રમી રહ્યુ હતુ અને પાંચમાં માળેથી નીચે ભોંય પર પટકાતા માસુમ બાળકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નજીક રાયસણ ગામની સીમમાં સીટી પલ્સ થિયેટરની નજીક નવી બની રહેલી રેસીડેન્સીયલ સ્કીમ શુકન હાઈટ્સમાં બપોરના અરસામાં આ ઘટના બની હતી. મુળ દાહોદના જયસિંગભાઈ બિલવાડ આ બાંધકામ સાઈટ પર મજુરી કામ કરે છે તેનો ૪ વર્ષનો દિકરો જીગર બિલવાડ આજે બપોરે તેના પિતા સાથે હતો. પિતાનું પાંચમા માળે કામ ચાલી રહ્યુ હતુ ત્યાં ધ્યાન હતુ. દિકરો જીગર બાજુમાં રમી રહ્યો હતો. રમતા રમતા બિલ્ડીંગના ખુણે પહોંચી ગયેલો જીગર પાંચમા માળેથી નીચે પટકાતા તેનું મૃત્યુ નિપજ્યું હતું.

# દેરોલ નદીમાં ઘોડાપુર એક બાઈકચાલક અને વિદ્યાર્થીઓ ફસાયા

લક્ષ્મીપુરા, તા. ૧૩

ખેડબ્રહ્માના પૂર્વ પટ્ટીમાં ભારે વરસાદના કારણે નદીમાં ઘોડાપુર આવતા આ વિસ્તારની નદીઓ ઉપરના ડીપ પરથી પસાર થવુ ગ્રામજનો માટે ભારે મુશ્કેલ બન્યું છે ત્યારે તંત્ર આ મામલે યોગ્ય કાર્યવાહી કરે અને ડીપને ઉંચી બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.



(તસવીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માના પૂર્વ પટ્ટામાં છેલ્લા ઘણા સમયથી પડેલા ભારે વરસાદના કારણે નદીમાં ઘોડાપુર આવતા દેરોલ પાસેથી પસાર થતી નદીમાં મોટરસાયકલ સાથે યુવાન નદીના વહેણમાં તણાવા લાગ્યો હતો અને બાદમાં તેને ભારે જહેમત બાદ બચાવી લેવાયો હતો જ્યારે શાળામાંથી પરત કેટલાક વિદ્યાર્થીઓ પણ ફસાયા હતા અને કલાકો સુધી નદીના પ્રવાહમાં ઉભા રહેવું પડ્યું હતું જ્યારે સતત સાત-આઠ દિવસથી આ નદીના ડીપનો માર્ગ બંધ રહેતા ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આથી સ્થાનિક ગ્રામજનો ભારે રોષે ભરાયા છે અને તંત્ર આ મામલે ઘટતી કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

## ચિકન ગુનિયાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરિયાદો તાવ સાથે હોવાની સંખ્યા ઘણી મોટી છે. આ દર્દીઓની તપાસમાં મેલેરિયા, ડેન્ગ્યુના કોઈ જ લક્ષણો જણાતા નથી પણ સાંધાના દુઃખાવાની ફરિયાદ જે રીતે દર્દીઓ કરી રહ્યા છે તેને લઈ આ વાયરલ હોવાનું તારણ તબીબી જગતમાં ચર્ચાઈ રહ્યુ છે. શહેર અને ખાસ કરીને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવા કેસ મોટી સંખ્યામાં નોંધાયા છે.

હાઈટેક હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જન ડૉ. વિજય ઉપાધ્યાયને આ અંગે પુછતાં તેમણે જણાવ્યું હતું કે સાંધાના દુઃખાવાની ફરિયાદો સાથે દર્દીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે ચિકનગુનિયા બધાજ કેસોમાં નથી જણાયો પણ આ વાયરલ છે અને તેની સંખ્યા મોટી છે.

ગાંધીનગર સિવિલના સિનિયર ફિઝીશ્યન ડૉ. દિનકર ગોસ્વામીના જણાવ્યાનુસાર સાંધાના દુઃખાવાની સાથે તાવની ફરિયાદો વધુ મળી રહી છે. તેમણે જણાવ્યું હતું કે કલીનીકલી ઈન્વેસ્ટીગેશનમાં આ ફરિયાદો ચિકનગુનિયા જેવી જ હોય છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે શહેરને બે ભાગમાં વિભાજીત કરી અર્બન મેલેરિયાની ૨૦ જેટલી ટીમો એન્ટી લારવેલ અને સર્વેલન્સની કામગીરી હાલ કરી રહેલ છે. ચિકનગુનિયાના શંકાસ્પદ કેસો અંગે તંત્ર દ્વારા કોઈ સત્તાવાર સમર્થન આપવામાં આવ્યું નથી.

## સૂચકાંક અહેવાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આર્થિક બાબતો જ નથી આવતી પરંતુ સોશીયલ અને ઈકોનોમિકલ માપદંડ પણ મહત્વના છે. રાજ્યમાં વર્ષ-૨૦૦૨ થી હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ શરૂ કરવામાં આવ્યો હતો. હવે, જિલ્લા અનુસાર હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ શરૂ કરવામાં આવ્યો છે. માનવ વિકાસ સૂચકાંકમાં જન્મદર, સંસ્થાકીય પ્રસુતિ, બાળ-માતા મૃત્યુદર, આરોગ્યની સુવિધા, કુપોષિત બાળકોની સંખ્યા, કૃષિ મહોત્સવના પરિણામો, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ અને વોટર સપ્લાય વગેરે જેવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આથી રાજ્ય સરકારના ફ્લેગશીપ કાર્યક્રમ અંતર્ગત માનવ વિકાસ અંગેની આધારભૂતતા માટે જિલ્લાની સચોટ આંકડાકીય વિગતો અને સકસેસ સ્ટોરી વગેરેની માહિતી આપવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટે માનવ વિકાસ સૂચકાંકથી રાજ્ય સરકારના વિવિધ કામોમાં પણ માહિતી કેટલી ઉપયોગી થશે, તેની વિવિધ દ્રષ્ટાંત સાથેની માહિતી આપી હતી. આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.વી. પાડલિઆ, જી.એસ.આઈ.ડી.બી. એસ.ના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ડી.વી. દવે, ડીડીયુ-નડિયાદના હેડ શ્રી ડૉ. નરેશ પટેલ, જિલ્લા આયોજન અધિકારી શ્રી ડી.આર. દવે, સંશોધન અધિકારી હેમા જોશી સહિત સંબંધિત કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પેથાપુર નગરપાલિકા

**નમુનો : ક, ગ**


**(જુઓ નિયમ ૩-૪)**

પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં અનઅધિકૃત બાંધકામ કરવામાં આવેલ હોય તેવા તમામ ઈસમો / કબજેદાર / વહીવટકર્તા તથા સંસ્થાઓને આથી આ નોટીસ આપી જણાવવામાં આવે છે કે, જે પ્લોટ નંબર તથા સીટી સર્વે નંબરોમાં ગેર કાયદેસર બાંધકામ હોય તેવા તમામ ઈસમોએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ ૨૦૧૧ અનુસાર તારીખ : ૧૯/૮/૨૦૧૩ સુધીમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ગાંધીનગરમાં અરજી કરી સાધનિક કાગળો સાથે અનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવી લેવા જણાવવામાં આવે છે. તેમ કરવામાં કસુર થયેથી તે ઈસમ / કબજેદાર / વહીવટકર્તા તથા સંસ્થાના જોખમે અને ખર્ચે અનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવશે અને આવી ખર્ચની રકમ જમીન મહેસુલની બાકી રકમ તરીકે વસુલ કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.

સહી/-
(એચ. કે. પટેલ)
મુખ્ય અધિકારી
પેથાપુર નગરપાલિકા

માહિતી/૯૭૮/૧૩-૧૪

# શબ્દાવલી - ૫૧૪૯



### આડી ચાવી

૧. ખાતુ... કરવું (૪)
૩. મરે નહિ તેવું (૩)
૬. સંપાદન કરનાર વ્યક્તિ (૪)
૭. મા-બાપ, માતા-પિતા (૪)
૮. ધીરજ, સહનશક્તિ (૩)
૧૦. લાગ, મોકો (૨)
૧૧. વાતચીત, ચર્ચા વિચાર (૪)
૧૩. મદારી, ગારૂડી (૨)
૧૪. છાવણી, ... નાખવો (૩)
૧૬. દુનિયા (૩)
૧૯. સોનાની ગુણવત્તા (૨)
૨૦. ધાકધમકી (૪)

### ઊભી ચાવી

૧. માણસ અને જાનવર વગેરેના ખેલ બતાવવો સમુહ (૪)
૨. પુષ્કળ વધારે (૩)
૪. અભિમાન (૨)
૫. હુંસાતુંસી (૪)
૬. ખાનગી મસલત (૪)
૯. ડરપોક (૪)
૧૦. તતડવાનો અવાજ (૪)
૧૧. શહદ, મધમાખી... ભેગુ કરે (૨)
૧૨. સવા નવને પાંચ એટલે ... (૨)
૧૩. ભગવાન વિષ્ણુનો એક અવતાર (૩)
૧૫. કોલ, વાયદો (૩)
૧૭. લંબાઈ (૨)
૧૮. હનુમાનજીનું હથિયાર (૨)

### શબ્દાવલી ૫૧૪૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચકચાર (૪) આવાસ (૬) રસ (૭) શીયાળયા (૮) મરસીયા (૧૧) ઓરમાન (૧૩) માતમ (૧૫) સુકી (૧૬) તાકા (૧૮) વીરતા (૨૧) તજવીજ (૨૨) પરાયુ

**ઊભી ચાવી :-** (૧) ચરમસીમા (૨) કસર (૩) રશીયા (૪) આવીષ્કાર (૫) વાયા (૯) સીતમ (૧૦) ચાનકી (૧૧) ઓડકાર ૧૨) માસૂમ (૧૪) તક (૧૬) તાવીજ (૧૭) માત (૧૯) તાપ (૨૦) વાયુ


## Gujarat State Petronet Limited

Regd office : GSPC Bhavan, Sector 11, Gandhinagar - 382 010.

**Part I - STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30th JUNE, 2013** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results: 3 months ended 30.06.2013 (Unaudited) | 31.03.2013 (Unaudited) | 30.06.2012 (Unaudited) | Year ended 31.03.2013 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | **Income from Operations** | | | | |
| | a) Net Sales/Income from Operations | 29,606.05 | 35,896.24 | 26,757.62 | 116,028.89 |
| | b) Other Operating Income | 70.00 | 85.10 | 246.00 | 1,291.16 |
| | **c) Total Income from Operations** | **29,676.05** | **35,981.34** | **27,003.62** | **117,320.05** |
| 2 | **Expenses** | | | | |
| | a) Employee benefit expenses | 673.95 | 553.31 | 438.27 | 2,471.01 |
| | b) Depreciation & amortisation expense | 4,577.02 | 4,799.06 | 4,393.36 | 18,610.84 |
| | c) Operation & Maintenance expense | 1,541.17 | 1,772.08 | 1,177.93 | 5,136.48 |
| | d) Other expenses | 482.03 | 894.25 | 490.67 | 2,510.05 |
| | **e) Total expenses** | **7,274.17** | **8,018.70** | **6,500.23** | **28,728.38** |
| 3 | **Profit/(Loss) from operations before other income, finance cost and exceptional items (1-2)** | **22,401.88** | **27,962.64** | **20,503.39** | **88,591.67** |
| 4 | Other Income | 1,315.16 | 1,491.86 | 1,511.96 | 6,604.46 |
| 5 | **Profit/(Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4)** | **23,717.04** | **29,454.50** | **22,015.35** | **95,196.13** |
| 6 | Finance costs | 3,798.39 | 3,153.00 | 3,173.89 | 12,625.60 |
| 7 | **Profit/(Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6)** | **19,918.65** | **26,301.50** | **18,841.46** | **82,570.53** |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | **Profit/(Loss) from ordinary activities before tax (7+8)** | **19,918.65** | **26,301.50** | **18,841.46** | **82,570.53** |
| 10 | Tax Expense | 7,291.56 | 10,154.25 | 6,356.73 | 28,758.27 |
| | -Income Tax | 6,454.10 | 7,191.34 | 5,296.35 | 22,526.47 |
| | -Deferred Tax | 837.46 | 2,962.91 | 1,060.38 | 6,231.80 |
| 11 | **Net Profit /(Loss) from ordinary activities after tax (9-10)** | **12,627.09** | **16,147.25** | **12,484.73** | **53,812.26** |
| 12 | Extraordinary Items (net of tax expenses) | - | - | - | - |
| 13 | **Net Profit/(Loss) for the period (11-12)** | **12,627.09** | **16,147.25** | **12,484.73** | **53,812.26** |
| 14 | Paid-up Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,271.84 | 56,270.88 | 56,269.90 | 56,270.88 |
| 15 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | - | 237,786.90 |
| 16 i | Earnings per share(EPS) before Extraordinary items | | | | |
| | a) Basic EPS ( Rs.) | 2.24 | 2.87 | 2.22 | 9.56 |
| | b) Diluted EPS ( Rs.) | 2.24 | 2.87 | 2.22 | 9.56 |
| | (face value of Rs. 10/-each) | (not annualised) | (not annualised) | (not annualised) | |
| 16 ii | Earnings per share(EPS) after Extraordinary items | | | | |
| | a) Basic EPS ( Rs.) | 2.24 | 2.87 | 2.22 | 9.56 |
| | b) Diluted EPS ( Rs. | 2.24 | 2.87 | 2.22 | 9.56 |
| | (face value of Rs. 10/-each) | (not annualised) | (not annualised) | (not annualised) | |

**Part II**

| Sr. No. | Particulars | 3 months ended 30.06.2013 | 31.03.2013 | 30.06.2012 | Year ended 31.03.2013 |
|---|---|---|---|---|---|
| A | **Particulars of Shareholding** | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | - Number of Shares | 350,413,138 | 350,403,563 | 350,393,711 | 350,403,563 |
| | - Percentage of Shareholding | 62.27% | 62.27% | 62.27% | 62.27% |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledged / Encumbered | | | | |
| | - Number of shares | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total shareholding of promoter and promoter group) | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total share capital of the Company) | Nil | Nil | Nil | Nil |
| | b) Non - encumbered | | | | |
| | - Number of shares | 212,305,270 | 212,305,270 | 212,305,270 | 212,305,270 |
| | - Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group) | 100.00% | 100.00% | 100.00% | 100.00% |
| | - Percentage of shares (as a % of the total share capital of the company) | 37.73% | 37.73% | 37.73% | 37.73% |

| Sr. No. | Particulars | 3 months ended 30.06.2013 |
|---|---|---|
| B | **Investor Complaints** | |
| | Pending at the beginning of the quarter | 0 |
| | Received during the quarter | 63 |
| | Disposed of during the quarter | 63 |
| | Remaining unresolved at the end of the quarter | 0 |

**SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30th JUNE, 2013** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results: 3 months ended 30.06.2013 (Unaudited) | 31.03.2013 (Unaudited) | 30.06.2012 (Unaudited) | Year ended 31.03.2013 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | **Segment Revenue (Net Sales / Income)** | | | | |
| | A. Gas Transportation | 28,428.61 | 35,253.07 | 25,568.85 | 113,097.87 |
| | B. Sale of Electricity | 1,286.79 | 818.27 | 1,487.56 | 4,413.68 |
| | Total | 29,715.40 | 36,071.34 | 27,056.41 | 117,511.55 |
| | Less: Inter-Segment Revenue | - | - | - | - |
| | **Sales / Income from Operations** | **29,715.40** | **36,071.34** | **27,056.41** | **117,511.55** |
| 2 | **Segment Results:** | | | | |
| | Profit/(Loss) | | | | |
| | A. Gas Transportation | 22,666.17 | 28,969.54 | 20,641.82 | 91,034.02 |
| | B. Sale of Electricity | 465.29 | (177.71) | 522.38 | 481.43 |
| | **Total** | **23,131.46** | **28,791.83** | **21,164.20** | **91,515.45** |
| | Less: (I) Interest & Financial Charges | 3,798.39 | 3,153.00 | 3,173.89 | 12,625.60 |
| | (ii) Other Un-allocable Expenditure | 690.24 | 732.97 | 608.03 | 2,732.28 |
| | Add: (iii) Other Un-allocable Income | 1,275.81 | 1,395.65 | 1,459.17 | 6,412.96 |
| | **Total Profit before Tax** | **19,918.64** | **26,301.51** | **18,841.45** | **82,570.53** |
| 3 | **Capital Employed:** | | | | |
| | (Segment Assets Less Segment Liabilities) | | | | |
| | A. Gas Transportation | 373,936.40 | 367,792.93 | 333,509.24 | 367,792.93 |
| | B. Sale of Electricity | 20,992.76 | 21,357.41 | 24,860.76 | 21,357.41 |
| | C. Un-allocable | 105,380.28 | 104,542.78 | 73,515.12 | 104,542.78 |
| | **Total** | **500,309.44** | **493,693.12** | **431,885.12** | **493,693.12** |

**Notes:**

1 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meetings held on 13th August, 2013.
2 Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
3 The statutory auditors have carried out a limited review of above results.
4 During the quarter, the Company has allotted 9,575 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2005.
5 During the quarter, PNGRB has issued Order for provisional Tariff for GSPL's Low Pressure network. The same has been implemented w.e.f. 19th March 2013 as per terms of Order.
6 The Gas volumes transported are as follows: (in MMSCM)

| Year/period | Qtr 1 |
|---|---|
| Financial Year 2013-14 | 2015.37 |
| Financial Year 2012-13 | 2832.72 |

7 The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable.

For, Gujarat State Petronet Limited

Tapan Ray, IAS
Managing Director

Place : Gandhinagar
Date : 13th August, 2013